

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-48 ■ તા. 08-12-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## મહાદેવ એપ કેસઃ EDએ વધુ ૩૮૮ કરોડ રૂપિયાની સંપત્તિ કરી જપ્ત, કુલ આંકડો ૨૨૦૦ કરોડને પાર

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી મામલે ચાલી રહેલી મની લોન્ડરિંગ તપાસ હેઠળ અંદાજિત ૩૮૮ કરોડ રૂપિયાની વધુ સંપત્તિ કુર્ક કરી છે. એજન્સીએ આ અંગે શનિવારે માહિતી આપી. આ મામલે છત્તીસગઢના કેટલાક દિગ્ગજ રાજનેતાઓ અને અધિકારીઓના કથિત રીતે સામેલ હોવાનો આરોપ છે.

ઈડીએ કહ્યું કે, આ સંપત્તિઓને કુર્ક કરવા માટે ૫ ડિસેમ્બરે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (સ્ન્છ) હેઠળ એક કામચલાઉ હુકમ જાહેર કરાયો હતો, જેનું કુલ મૂલ્યા ૩૮૭.૯૯ કરોડ રૂપિયા છે. આ મામલે એજન્સી ટિબરેવાલને પૂછપરછ કરી રહી છે.

આ પણ વાંચો: 'એટલી બધી અભિવ્યક્તિની સ્વતંત્રતા પણ ઠીક નથી..' પૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડનું વધુ એક નિવેદન ચર્ચામાં

ઈડીએ આ તપાસ દરમિયાન કેટલાક એવા આદેશ જાહેર કરાયા છે અને નવા આદેશની સાથે અત્યાર સુધી ૨,૨૯૫.૬૧ કરોડ




રૂપિયાની સંપત્તિ અથવા તો ફ્રીઝ, કુર્ક અથવા જપ્ત કરી લેવાઈ છે.

આ મામલે ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને EDએ ચાર ચાર્જશીટ દાખલ કરાઈ છે. એજન્સીએ પહેલા પણ આરોપ લગાવ્યા છે કે મહાદેવ ઓનલાઈન બેટિંગ (સ્ન્) ગેમિંગ અને બેટિંગ એપની તપાસમાં છત્તીસગઢના કેટલાક મોટા નેતાઓ અને અધિકારીઓની સંડોવણી સામે આવી છે. એપના બે મુખ્ય પ્રમોટર સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ આ રાજ્યથી છે. ઈડીના અનુસાર, સ્ન્ એક મોટું સિન્ડિકેટ છે, જે ગેરકાયદે સટ્ટાબાજ વેબસાઈટ્સના નવા યૂઝર્સના રજિસ્ટ્રેશન, આઈડી અને અનામી બેંક એકાઉન્ટ્સના સ્તરવાળી વેબ દ્વારા મની લોન્ડરિંગને સક્ષમ કરવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

## ૨૬ ટકા સુધી ઘટી જશે હાર્ટ એટેક અને બ્રેન સ્ટ્રોકનો ખતરો, ઊંઘ સાથે જોડાયેલી આ બે ટેવમાં કરો સુધાર

ઊંઘની નિયમિતતા અને સારી રીતે સૂવું માત્ર શરીરને આરામ આપવા સુધી જ મર્યાદિત નથી પરંતુ આ હૃદય અને મગજના આરોગ્ય માટે પણ ખૂબ જરૂરી છે. તાજેતરમાં જ એક શોધમાં ખુલાસો થયો છે કે જો તમે દરરોજ એક જ સમય પર સૂવા અને જાગવાની ટેવ રાખતાં નથી, તો હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ ૨૬% સુધી વધી શકે છે. આ અભ્યાસ ૪૦થી ૭૯ વર્ષના ૭૨,૦૦૦ થી વધુ લોકો પર કરવામાં આવ્યો. શોધમાં ઊંઘની નિયમિતતા હૃદયની બીમારીઓના જોખમનું એક મોટું કારક છે, જે ઊંઘના સમયગાળા કરતાં પણ વધુ પ્રભાવી છે.

સંશોધનકર્તાઓએ 'સ્લીપ રેગ્યુલેરિટી ઈન્ડેક્સ' ના આધારે સ્પર્ધકોને ત્રણ જૂથમાં વહેંચ્યા

ઓછી ઊંઘ વાળા (જીઈૈં ।૮૭.૩): હૃદયની બીમારીનું જોખમ સૌથી ઓછું.

મધ્યમ અનિયમિત ઊંઘ વાળા (જીઈૈં ૭૧.૬-૮૭.૩): જોખમ ૮% વધ્યું.

વધુ નિયમિત ઊંઘ વાળા (જીઈૈં ≶૭૧.૬): જોખમ ૨૬% સુધી વધી ગયું.

સંશોધનથી એ પણ સ્પષ્ટ થયું કે માત્ર પૂરતી ઊંઘ લેવી જ પૂરતું નથી. જો તમે પોતાની ઊંઘનો સમય નિયમિત રાખતાં નથી તો હૃદયની બીમારીઓનું જોખમ ઓછું થશે નહી.

## મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બનતા જ MVAને ઝટકોઃ આ પક્ષે છોડ્યો સાથ, ઉદ્ધવ ઠાકરેના હિન્દુત્વ સામે વાંધો

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામ જાહેર થયાં તેનો મહિનો પણ નથી થયો અને મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ઉથલ-પાથલ શરૂ થઈ ચુકી છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીને કારમી હારનું દુઃખ હજું સમાપ્ત નથી થયું ત્યાં ગઠબંધનને ફરી એક મોટો ઝટકો મળ્યો છે. મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અબૂ આઝમીએ શનિવારે કહ્યું કે, સપા મહાવિકાસ અઘાડી (સ્ફછ) ગઠબંધનથી પોતાનું સમર્થન પાછું લઈ રહી છે. જેનું મુખ્ય કારણ બાબરી મસ્જિદ વિધ્વંસના સંબંધમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની ટિપ્પણીને જણાવવામાં આવ્યું છે. જેનાથી સપા અસંમત છે. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના બે ધારાસભ્ય છે.

સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબૂ આઝમીએ આરોપ લગાવ્યો કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પોતાની કારમી હાર બાદ શિવસેના (યુબીટી)એ 'હિન્દુત્વ એજન્ડા' અપનાવ્યો છે, જેનાથી સમાજવાદી પાર્ટીને ગઠબંધનમાં પોતાના સમર્થન પર પુનઃવિચાર કરવો પડ્યો.

મહારાષ્ટ્ર સપા અધ્યક્ષે કહ્યું, 'બાબરી મસ્જિદને ધ્વસ્ત કરનારને શુભકામના આપતા એક અખબારમાં શિવસેના (યુબીટી) દ્વારા એક જાહેરાત આપવામાં આવી હતી. તેમના (ઉદ્ધવ ઠાકરે) સહોયગીએ પણ મસ્જિદના વિધ્વંસના વખાણ કરતાં એક્સ પર પોસ્ટ કરી છે. તેઓએ કહ્યું, 'અમે એમવીએ છોડી રહ્યા છીએ. હું અખિલેશ યાદવ સાથે વાત કરી રહ્યો છું.'

અબૂ આઝમીએ કહ્યું, 'એમવીએમાં બેઠક વહેંચણી દરમિયાન અને બાદમાં અભિયાનમાં કોઈ સમન્વય નહતું. વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ, શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ એક આંતરિક બેઠકમાં પોતાના નેતાઓ અને પાર્ટી કાર્યકર્તાઓને આક્રામક રૂપે હિન્દુત્વ એજન્ડાને આગળ વધારવા માટે કહ્યું, ૬ ડિસેમ્બરે પાર્ટીના સોશિયલ મીડિયા પર બાબરી મસ્જિદ વિધ્વંસના પક્ષમાં એક સંદેશ પોસ્ટ કરવામાં આવ્યો હતો. અમે તેને સહન નહી કરી શકીએ. તેથી, અમે એવીએમાં ન રહેવાનો નિર્ણય કર્યો છે.'

શિવસેના (યુબીટી) ના નેતા મિલિન્દ નાર્વેકરે મસ્જિદના વિધ્વંસની એક તસવીર પોસ્ટ કરી અને સાથે જ શિવસેનાના સંસ્થાપક બાલ ઠાકરેના નિવેદન રૂપે અવતરણ ચિહ્નમાં લખ્યું, 'મને એ લોકો પર ગર્વ છે, જેણે આવું કર્યું.'



## હવે અયોધ્યામાં હેલિકોપ્ટરથી કરી શકાશે દર્શન, ચાર હજાર રૂપિયા હશે ભાડું

ઉત્તરપ્રદેશ સરકારે અયોધ્યામાં રામ મંદિરના હવાઈ દર્શન કરાવવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય સરકારે હેલિકોપ્ટરથી દર્શન કરાવાની યોજના શરૂ કરવા જઈ રહ્યાં છે. જેમાં દર્શાનાર્થીઓ અમુક પૈસામાં રામ મંદિર ખાતે હેલિકોપ્ટરમાં બેસીને દર્શન કરી શકશે. મળતી માહિતી મુજબ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વહેલીતકે આ યોજનાની શરૂઆત કરી શકશે.

અયોધ્યામાં રામ મંદિરના હેલિકોપ્ટરથી દર્શન લઈને હાલમાં જે ભાડું નક્કી કરાયું છે તે દર વ્યક્તિએ ૪૧૩૦ રૂપિયા છે. આ જો કોઈ શ્રદ્ધાળુને રામ મંદિરના હવાઈ દર્શન કરવા છે તો તેને યુપી સરકારના ૪૧૩૦ રૂપિયા ભરવા ભડશે. જો કે, હજુ સુધી એ નક્કી કરવામાં આવ્યું નથી કે, કેટલા સમય સુધી હેલિકોપ્ટરથી દર્શનાર્થીઓને દર્શન કરવા મળશે.

અયોધ્યામાં તૈયાર થઈ રહ્યું રામ મંદિર આગામી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં બની જશે. આ વર્ષની શરૂઆતમાં ૨૨ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શ્રીરામલલાની પ્રતિમાની નવનિર્મિત મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રએ જણાવ્યું હતું કે, 'મંદિરની ચાર દીવારોમાં ૮.૫ લાખ ઘન ફૂટ લાલ બંસી પહાડપુર પથ્થરનો ઉપયોગ કરાશે અને આ પથ્થર અયોધ્યા મોકલવામાં આવ્યા છે, પરંતુ ૨૦૦ શ્રમિકોની અછતના કારણે નિર્માણ કાર્યમાં મોડું થઈ રહ્યું છે.'

તેમણે કહ્યું કે, 'પહેલા માળે કેટલાક પથ્થરો નબળા અને પાતળા



દેખાય છે, તેમની જગ્યાએ મકરાણા પથ્થરો સ્થાપિત કરવામાં આવશે. તમામ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણ સમિતિની બેઠક શુક્રવારે બીજા દિવસે પણ ચાલુ રહી.'

મળતી માહિતી મુજબ, રામ મંદિરના દર્શનની તર્જ પર યુપી સરકાર પણ પ્રયાગરાજમાં આયોજિત થનારા મહાકુંભના દર્શનનું આયોજન કરવાની યોજના બનાવી રહી છે. જો કે, આને લઈને સરકાર દ્વારા સત્તાવાર કોઈ જાણકારી આપવામાં આવી નથી. પરંતુ તેને લઈને વહેલીતકે એલાન કરી શકે છે. જો આમ થશે તો કુંભમાં સ્નાન કરી રહેલા શ્રદ્ધાળુઓ પણ મહાકુંભનો હવાઈ દર્શન કરી શકશે. આના માટે તેમની કેટલી રકમ ખર્ચવી પડશે તે નક્કી કરાશે. જો કે, હાલ તો આ યોજના શરૂઆતના તબક્કે છે, એટલે આ દિશામાં જલ્દી જ એલાન થઈ શકે છે.

# અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલની કુખ્યાત કામગીરીમાં કુલ ૧૧૨ દર્દીના જીવ લીધા

અમદાવાદ,

ખ્યાતિ હોસ્પિટલના કાળા કરતૂતોનો ભાંડો એક પછી એક ફૂટતો જાય છે. તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ તેના કાળા કારનામા પ્રકાશમાં આવી રહ્યા છે. ખ્યાતિ હોસ્પિટલ ના કાળા કરતૂતોનો ભાંડો એક પછી એક ફૂટતો જાય છે. તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ તેના કાળા કારનામા પ્રકાશમાં આવી રહ્યા છે. બે લોકોના મોતથી શરૂ થયેલો કેસ ૧૮, પછી ૨૮ અને હવે ૧૧૨ પર પહોંચી ગયો છે.

હા, ખ્યાતિ હોસ્પિટલે અત્યાર સુધીમાં ૧૧૨ દર્દીઓના જીવ લીધા છે. ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલે જણાવ્યું હતું કે અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે. ખ્યાતિ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષમાં અત્યાર સુધીમાં ૮૫૩૪ દર્દીઓએ સારવાર લીધી છે જેમાંથી ૩૮૪૨ દર્દીઓએ સરકારી યોજના હેઠળ સારવાર લીધી હતી. કુલ સારવારમાંથી અત્યાર સુધીમાં ૧૧૨ દર્દીઓના મોત થયા છે. ૪ ડિસેમ્બરે, હોસ્પિટલના સંચાલક સંજય પટોલિયાની ધરપકડ કરવામાં આવી હતી અને ક્રાઈમ બ્રાન્ચે આરોગ્ય વિભાગના ડૉક્ટરોની પૂછપરછ કરી હતી અને દસ્તાવેજોની તપાસ કરી હતી.

એટલું જ નહીં, સંજય પટોલિયાની ધરપકડ બાદ, એક ઓડિટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે હોસ્પિટલ નાણાકીય નુકસાનમાં છે, જેમાં નાણાકીય ભંડોળમાં ૧.૫૦ કરોડ રૂપિયાની ખોટ દર્શાવવામાં આવી છે. અમદાવાદની પ્રખ્યાત હોસ્પિટલમાં કૌભાંડ બાદ મુખ્ય ત્રણ ફરાર આરોપીઓ પૈકી હોસ્પિટલના સ્થાપક અને ૩૯ ટકા ભાગીદાર ડો.સંજય પટોલિયાની ૨૪ દિવસ બાદ ૪ ડિસેમ્બરે ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી.

આજે ક્રાઈમ બ્રાન્ચે ડો.સંજય પટોળીયાને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે આરોપી સંજય પટોલિયાના ૧૨મીએ સાંજે ૪ વાગ્યા સુધીના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પ્રાથમિક તપાસમાં ત્રણ વર્ષ દરમિયાન ૮૫૩૪ દર્દીઓની સારવારમાં ૧૧૨ દર્દીઓના મોત સહિત અનેક બાબતો બહાર આવી છે. ક્રાઈમ બ્રાન્ચ નાણાકીય અને નાણાકીય વ્યવહારોની તપાસ કરી રહી હતી. ઁસ્ત્નછરૂ યોજનામાં ટેન્ડર કંપની બજાજ એલાયન્સ હતી, જેની પણ તપાસ કરવામાં આવી રહી છે. ધરપકડ બાદ સંજય પટોલિયાને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો,




જ્યાંથી તેના સાત દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આ રિમાન્ડ માટે ક્રાઈમ બ્રાન્ચ એવી દલીલ કરી રહી છે કે ચાર ડિરેક્ટરોમાં સંજય પટોલિયા મેડિકલ એક્સપર્ટ છે, તેથી તેની સઘન તપાસ જરૂરી છે. રેલ્વે વિભાગ અને ઓએનજીસી સહિત સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓના કર્મચારીઓએ પણ સારવાર માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આઠમાંથી બે આરોપી હજુ પણ ફરાર છે. આ મામલે કુલ આઠ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં ૬ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે બે આરોપી હજુ છુપાયેલા છે. પકડાયેલા આરોપીઓની તપાસમાં આરોગ્ય વિભાગની સંડોવણી હોવાની શક્યતા છે. ક્રાઈમ બ્રાન્ચ ઁસ્ત્નછરૂની તપાસ કરી રહી છે,

જ્યાં દરરોજ ૧૦૦ ફાઈલોનો ડૉક્ટર દ્વારા નિકાલ કરવામાં આવે છે. જો સોમવારે વધુમાં વધુ ઈમરજન્સી નોંધાઈ હોય તો તે દિશામાં તપાસ થઈ રહી છે કારણ કે રવિવારે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તપાસમાં બહાર આવ્યું છે કે સોમવારે હોસ્પિટલમાં વધુ ઈમરજન્સી આવે છે. ઁસ્ત્નછરૂ યોજનાની ટીમ પણ શંકાના દાયરામાં ખ્યાતી હોસ્પિટલને ઁસ્ત્નછરૂ યોજના હેઠળ ૧૫ કરોડ રૂપિયા મળ્યા છે, ઁસ્ત્નછરૂની તપાસમાં સામે આવ્યું છે કે ઁસ્ત્નછરૂ યોજનામાં ૧૦ ડૉક્ટરોની ટીમ બેસે છે,

જેમાંથી એક ડૉક્ટરે દરરોજ ૧૦૦ ફાઈલો કમ્પ્યુટર પર ક્લિયર કરવાની હોય છે. ફાઈલ ક્લિયર કરવા માટે મહત્તમ પાંચ મિનિટનો સમય આપવામાં આવે છે. આ પાંચ મિનિટમાં કોઈપણ સર્જરીનો રિપોર્ટ બરાબર ચેક કરવાનો હોય છે. ડૉક્ટરે પાંચ મિનિટમાં ફાઈલને મંજૂર અથવા નકારી કાઢવાની હોય છે. જો ડૉક્ટર પાંચ મિનિટમાં મંજૂરી ન આપે તો ફાઈલ આપોઆપ રિજેક્ટ થઈ જાય છે.

પાંચ મિનિટના સમયગાળા દરમિયાન કોઈ ડૉક્ટર નામાંકિત હોસ્પિટલ સાથે સંકળાયેલા હતા કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે, કારણ કે જો કોઈ ડૉક્ટર આ કૌભાંડમાં સંડોવાયેલ હોય તો તે ડૉક્ટરે શું કામ કર્યું અને તેણે હોસ્પિટલને કેવી રીતે મદદ કરી તેની તપાસ કરવામાં આવી રહી છે. પ્રખ્યાત હોસ્પિટલની ફાઈલ કયા તબીબે મંજૂર કરી તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ સિવાય ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં જાણવા મળ્યું છે કે લોકો રવિવારે આવતા હતા,

ત્યારબાદ સોમવારે સર્જરી કરવામાં આવતી હતી, તેથી ઁસ્ત્નછરૂ યોજના હેઠળ, મોટાભાગની ઈમરજન્સી સોમવારે આવી હતી. ખ્યાતી હોસ્પિટલની ફાઈલો સોમવારે સૌથી વધુ ક્લિયર થઈ હતી કે કેમ અને સોમવારે ખ્યાતી હોસ્પિટલની ફાઈલો ક્લિયર કરવા માટે કયા ડોક્ટરોના કોમ્પ્યુટર એક્સેસ કરવામાં આવ્યા હતા તેની તપાસ કરવામાં આવી રહી છે.

## તંત્રી લેખ......

# લિક્વિડિટીમાં વધારો કરવા સીઆરઆરમાં ઘટાડો

મુંબઈ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ત્રણ દિવસની બેઠકના અંતે આજે ૬.૫૦ ટકા રેપો રેટ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. જો કે બેન્કિંગ વ્યવસ્થામાં કેશફલો વધારી અર્થતંત્રને ટેકો પૂરો પાડવાના હેતુ સાથે કેશ રિઝર્વ રેશિઓ (સીઆરઆર) અડધો ટકો ઘટાડી ૪ ટકા કરાયો છે. આર્થિક વિકાસ દર ઘટવા છતાં ફુગાવાના જોખમને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)એ સતત ૧૧મી બેઠકમાં રેપો રેટ જાળવી રાખ્યો હતો. રિઝર્વ બેંકે આર્થિક વિકાસ દરના અંદાજને પણ ઘટાડીને ૬.૬૦ ટકા કર્યો છે.

સીઆરઆર ઘટાડાતા બેન્કિંગ વ્યવસ્થામાં અંદાજે રૂપિયા ૧.૧૬ લાખ કરોડનો કેશ ફલો વધશે જેને કારણે અર્થતંત્રમાં લિક્વિડિટીમાં વધારો થશે અને ધિરાણ દર નિયંત્રણમાં રાખવામાં બેન્કોને મદદ મળશે. કેશ ફલો વધવા સાથે બોરોઅરોને આકર્ષવા બેન્કો વચ્ચે ધિરાણ દર મુદ્દે સ્પર્ધા થઈ શકે છે, તેનો લાભ કદાચ બોરોઅરોને મળી શકે છે.

વર્તમાન નાણાં વર્ષ માટે આર્થિક વિકાસ દરનો અંદાજ જે અગાઉ ૭.૨૦ ટકા મુકાયો હતો તેમાં રિઝર્વ બેન્કે જોરદાર ઘટાડો કરી હવે ૬.૬૦ ટકા કર્યો છે. નાણાં નીતિ માટે સ્ટાન્સ ન્યુટ્રલ જાળવી રખાયું છે જે આગળ જતાં રેપો રેટમાં ઘટાડો કરવાનો રિઝર્વ બેન્કને વિકલ્પ પૂરો પાડે છે.

૪ ડિસેમ્બરથી અહી શરૂ થયેલી એમપીસીની ત્રણ દિવસની બેઠકના અંતે એમપીસીના છ સભ્યોમાંથી ચાર સભ્યોએ રેપો રેટ જાળવી રાખવાની તરફેણમાં મતદાન કર્યું હતું. જ્યારે અન્ય બે સભ્યોએ વ્યાજ દરમાં ૫૧ ટકા ઘટાડો કરવાની તરફેણ કરી હતી.વર્તમાન વર્ષના ઓક્ટોબરમાં ફુગાવો અપેક્ષા કરતા વધુ રહી ૬.૨૧ ટકા સાથે ૧૪ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હતો જેને કારણે રેપો રેટ જાળવી રાખવાનું યોગ્ય અને જરૂરી બની ગયાનું રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસ દ્વારા બેઠક બાદ જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું.

# ખ્યાતિકાંડમાં ક્રાઈમ બ્રાંચે તપાસ માટે ડો. સંજય પટોળિયાના ૧૦ દિવસના રિમાન્ડ માગ્યા, પી.એમ.જે.એ.વાયનો સ્ટાફ પણ શંકાના દાયરામાં

અમદાવાદ,

ખ્યાતિ હોસ્પિટલમાં સર્જાયેલા કાંડ બાદ મુખ્ય ૩ ફરાર આરોપી પૈકી હોસ્પિટલના સ્થાપક તેમજ ૩૯ ટકાના ભાગીદાર ડો. સંજય પટોળિયાની ૨૪ દિવસ બાદ ગઈકાલે ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી હતી. ડો. સંજય પટોળિયાએ આગોતરા જામીન માટે અરજી કરી હતી, જે કોર્ટે રદ કરતાં તે ક્રાઈમ બ્રાંચ સમક્ષ હાજર થયો હોવાની ચર્ચા છે. આજે ડો. સંજય પટોળિયાને ૧૦ દિવસના રિમાન્ડની માગ સાથે ક્રાઈમ બ્રાંચ દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે.

ખ્યાતિ હોસ્પિટલના આરોપીએ પહેલા એક નાની કંપની ખોલી અને પછી એનું નામ બદલાવી બેરિયાટ્રિક્સ હોસ્પિટલ ખોલી, બાદમાં એમાં જૂના ભાગીદારોને છૂટા કરી નવા સહ આરોપી ડાયરેક્ટર જોડી ખ્યાતિ હોસ્પિટલ ખોલવામાં આવી હતી. ૩૧ માર્ચ, ૨૦૨૨થી ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધીં સ્વચ્છરૂ યોજના હેઠળ મફત સારવાર આપવામાં આવી, એનો લાભ લઈ જરૂર ના હોય તેનાં ઓપરેશન કરી નાખ્યાં હતા. સ્વચ્છરૂમાંથી કુલ ૧૬.૬૪ કરોડની રકમ મેળવાઈ છે. ખોટા કાગળિયા બનાવ્યા કે દર્દીને બ્લોકેજ ઓછું હોય તો પણ એને વધારે બતાવી, સર્જરી કરીં સ્વચ્છરૂનો લાભ લીધો.

આ કેસમાં કુલ આઠ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. આ કેસની તપાસ કરતી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અત્યારસુધીમાં ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે આરોપી હજુ પણ ભૂગર્ભમાં છે. ઝડપાયેલા આરોપીઓની તપાસ દરમિયાન આરોગ્ય વિભાગની પણ સંડોવણી હોવાની શક્યતા છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સ્વચ્છરૂમાં તપાસ કરવામાં આવી રહી છે, જ્યાં એક ડોક્ટર દ્વારા રોજ ૧૦૦ ફાઇલને મંજૂરી આપવામાં આવે છે. સોમવારના દિવસે સૌથી વધુ ઈમર્જન્સી નોંધાઈ છે તો એ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે, કારણ કે રવિવારે કેમ્પ યોજાતા હતા,

ત્યારબાદ સોમવારે હોસ્પિટલમાં ઈમર્જન્સી વધુ આવતી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. સ્વચ્છરૂની તપાસ કરતાં સામે આવ્યું છે કે સ્વચ્છરૂ યોજનામાં ૧૦ જેટલા ડોક્ટરની ટીમ બેસે છે, જેમાંથી એક ડોક્ટરના કોમ્પ્યુટર પર દિવસની ૧૦૦ ફાઈલ ક્લિયર કરવાની હોય છે. એક ફાઈલ ક્લિયર કરવા માટે વધુમાં વધુ પાંચ મિનિટનો જ સમય આપવામાં આવે છે.

આ પાંચ મિનિટ દરમિયાન જે પણ સર્જરી હોય એનો રિપોર્ટ યોગ્ય રીતે તપાસવાનો હોય છે. પાંચ મિનિટ દરમિયાન જ ડોક્ટર દ્વારા ફાઈલને એપ્રૂવલ કે રિજેક્ટ ફરજિયાત આપવાનું હોય છે. પાંચ મિનિટ સુધીમાં ડોક્ટર એપ્રૂવલ ના આપે તો ફાઇલ ઓટોમેટિક રિજેક્ટ થઈ જાય છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ ખોટા બ્લોકેજના કાગળિયા બનાવ્યા હતા. સ્વચ્છરૂ માં ૭૦ ટકાથી વધુ બ્લોકેજ હોય તો જ લાભ મળે, આરોપીનો રોલ તપાસવાનો છે. ૩૯ ટકા શેર હોવાથી નાણાકીય બાબતોની પૂછપરછ કરવાની.

ચાર ડિરેક્ટરમાંથી આ એક જ ડોક્ટર, જે મેડિકલનું જ્ઞાન ધરાવે છે, જેથી સાથે રાખી ઝીણવટપૂર્વક તપાસની જરૂર વર્તાય છે. રેલવે અને દ્રવ્યના કર્મચારીઓનાં પણ ખ્યાતિમાં ઓપરેશન થયાં હતા, તેની તપાસ પણ તપાસ થશે. કોની મદદથી આરોપી ભાગતો-ફરતો હતો ? ક્રાઈમ બ્રાંચે આગળની તપાસ ચલાવી રહી છે.




# ગીર સોમનાથમાં દારૂના નાશ વખતે જ એ.એસ.આઈ દારૂ

ગીર સોમનાથ,

બે કોથળા અને બે બેગ ભરી દારૂ ન્ઝઈ પ્લેટ ધરાવતી ખાનગી કારમાં છુપાવી દીધો હતો પોલીસનું કામ દારૂ પકડવાનું છે પણ ગીર સોમનાથમાં વાડ જ ચીભડા ગળે તેવો ઘાટ સર્જાયો હતો. જેમાં એક પોલીસકર્મી નાશ કરવા માટેનો દારૂ ચોરી કરતા ઝડપાઈ ગયો હતો. આ ઘટના ગીર-સોમનાથ જિલ્લામાં બની હતી. જ્યાં ગીર ગઢડા પોલીસ મથક વિસ્તારમાંથી ઝડપાયેલા દારૂના જથ્થોનો ઉના ખાતે નાશ કરવાનું આયોજન પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. જેથી આ દારૂનો જથ્થો ટ્રેક્ટર મારફત ઉના લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે ગીર ગઢડા પોલીસ મથકમાં ફરજ બજાવતા છજૈં મનુ કરશનભાઈ વાજાએ દારૂના આ જથ્થામાંથી બે કોથળા અને બે બેગ ભરી દારૂ ન્ઝઈ પ્લેટ ધરાવતી ખાનગી કારમાં છુપાવી દીધો હતો.

જોકે આ પકડાયેલો દારૂ ચોરી કરતો પોલીસકર્મી પકડાઈ ગયો હતો, જેથીં મહેન્દ્રસિંહ રાણાએ મનુ વાજાનો ઊધડો લઈ કહ્યું હતું કે હમણાં ધોકો લઈશ ને સડેલા, તારા લીધે અમારી ઈમેજ ડાઉન કરવાની?'જે અંગેની જાણ જાગ્રત નાગરિકો દ્વારા ઉના હ્રઅ.જીંને કરાતાં છજૈં મનુ વાજાએ ઉનામાં ઉના શુગર ફેક્ટરીના ગ્રાઉન્ડ ખાતે દારૂનો નાશ કરાતો હતો ત્યાંથી દોટ મૂકી પોતાની ખાનગી કાર લઇ નાસી જવા માટે પ્રયાસ કર્યો હતો. ત્યારે જાગ્રત નાગરિકોએ કારના દરવાજાઓ ખોલાવતાં બે કોથળા અને બે બેગ જેટલો વિદેશી દારૂનો જથ્થો આ ખાનગી કારમાંથી મળ્યો હતો અને દારૂનો બીજો જથ્થો આસપાસની ઝાડી-ઝાંખરાઓમાં ફેંકી દેવાયેલો હતો. આ દારૂના જથ્થા અંગે છજૈં મનુ વાજાને સ્થાનિકો દ્વારા પૂછવામાં આવતાં આ દારૂનો જથ્થો સેમ્પલ હોવાનું રટણ રટ્યું હતું. આ છજૈં મનુ વાજાની કારમાંથી આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવતાં જિલ્લા પોલીસવડાએ આ ગીર ગઢડા પોલીસ મથકના છજૈં મનુ વાજા વિરુદ્ધ જાણવાજોગ ફરિયાદ દાખલ કરી હેડ ક્વાર્ટર ખાતે બદલી કરવામાં આવી હતી.

# આપણે શું? : : ---- પ્રીતિ શાહ-સેનગુપ્તા

સામે પડેલી પિત્ઝાની બે સ્લાઈસ જરા ઠંડી થાય એની રાહ જોતાં જોતાં સ્નેહલ ટાઈમ મૅગૅઝિનનાં પાનાં ફેરવતો હતો. એમાં વિલિયમ બ્લેકનાં દોરેલાં પેન્સિલ-ચિત્રો પરનો લેખ જોઈ એ વાંચવા માંડી ગયો ને પિત્ઝા તો જાણે ભૂલી જ ગયો.

"સાવ ઠંડા થઈ જશે તો ચવ્વડ લાગશે, હોં."નજીકથી બોલાયેલા ગુજરાતી શબ્દો સાંભળીને સ્નેહલે ઊંચું જોયું. પછી હસીને બોલ્યો, "કેમ છો, વિનુભાઈ?"

"કેમ એકલો છું કે પછી ઝઘડ્યો છું જાનકી સાથે?"એવું તો ખાસ નથી થતું, પણ એ અઠવાડિયું કેલિફોર્નિયા ગઈ છે. એની બહેનને બાબો આવ્યો છે, એટલે બાબાને રમાડવાને બહાને. બંને હસ્યા. પછી સ્નેહલે વિનુભાઈને પૂછ્યું, "તમે કેમ એકલા છો? કે પછી તમે જ ભાભી સાથે ઝઘડીને આવ્યા છો?"




"હા, અમારે તો એવું થયેલું છે, હોં. જો કે આજે નહીં. હમણાં કુંજી અને રેશમા દેશ ગયાં છે, તૈયારી કરવા. અરે, તને ખબર પડી કે નહીં? રેશમાનું નક્કી કર્યું. એવો સરસ છોકરો મળ્યો છે."

એ સામે બેસવા ગયા ત્યાં યાદ આવ્યું એટલે કહે, "અરે, હું મારા પિત્ઝા લઈ આવું. પછી તને વાત કરું. તેં કોક નથી લીધું? લેતો આવું તારે માટે?"

"ના, મને પાણી જ ફાવે છે," કહી સ્નેહલ જલદી પેલો લેખ પૂરો કરવા માંડ્યો. બે સ્લાઈસ અને બરફ વગરનું કોક લઈને વિનુભાઈ સામેની ખુરશીમાં ગોઠવાયા અને ઉત્સાહથી કહેવા લાગ્યા.

" રેશમા બહુ લકી છે. એવો સરસ છોકરો - એવો તો ઈન્ડિયનમાં યે ના મળે."

"એમ કે?"સ્નેહલે વિવેક ખાતર પૂછ્યું. "અરે હા રે. એનું નામ જય છે - વિક્ટરીના અર્થમાં ને અંગ્રેજીમાં જૉય કહીએ તોયે સરસ અર્થ જ છે. એ જન્મ્યો હતો ઈન્ડિયામાં, ખબર છે? ને આઠ વર્ષ સુધી હરિયાણાનાં નાનાં એક શહેરમાં રહેલો. એનાં પેરન્ટ્સ દસેક વર્ષ ત્યાં રહેલાં - એમના અમેરિકાના ચર્ચ તરફથી સેવા કરવા માટે. દર ત્રણેક વર્ષે હજી એ લોકો પાછા ત્યાં જાય છે - ફરવા, બધાંને મળવા. જય પણ બે-ત્રણ વાર ઈન્ડિયા જઈ પાછો આવ્યો છે.

"તું નહીં માને, સ્નેહલ, પણ એ હિન્દી એટલું ફાઈન બોલે છે! અમારી રેશમાને વળી હિન્દી ક્યાં આવડે? જયને કારણે એણે હવે શીખવા માંડ્યું છે. કોલમ્બિયામાં કોર્સ લીધો છે. હમણાં હમણાં એવું ઘણું જોવા મળે છે કે બીજી પેઢીનાં છોકરા-છોકરીઓ પોતાનાં જેવાં બીજી પેઢીનાં ઈન્ડિયન સાથી શોધતાં હોય. હવે ઘણી વાર એવું લાગે છે કે આ છોકરાં વધારે સમજુ થતાં જાય છે ને મા-બાપો છૂટાં પડતાં જાય છે." વિનુભાઈએ માથું હલાવતાં કહ્યું.

"સાવ સાચી વાત છે." સ્નેહલ બોલ્યો. "અમારાં ઓળખીતામાં ત્રણ-ચાર કિસ્સા હમણાં સાંભળ્યા. પચીસ-ત્રીસ વર્ષનાં લગ્ન હોય, બંને જણ દેશમાં એક ગામનાં, એક નાતનાં હોય ને ખબર નહીં શું થઈ જાય છે કે બંને એકબીજાનાં વેરી થઈ જાય છે અને હવે તો પત્નીઓ પતિઓને કૉર્ટમાં ઘસડી જાય છે, એ સાંભળ્યું કે?"

"અરે હા રે, વરને જેલમાં મોકલી આપ્યાનું પણ સાંભળ્યું છે ને. તે વખતે એમ થઈ જાય કે આપણા ઈન્ડિયન કલ્ચરની વાત કયે મોઢે છોકરાંઓને કરવી, નહીં? જો કે તમે લોકો તો હજી નાનાં છો. તમારે હજી છોકરાં ઉછેરવાની ચિંતા નથી. તમારે તો હજી અહીં સેટલ થવાનો ટાઈમ ચાલે છે, નહીં?"

વાતને પતાવવી હોય તેમ વિનુભાઈએ પૂછ્યું, "બીજી શું નવાજૂની છે તમારી? કામકાજ કેમ ચાલે છે, સ્નેહલ?" "ઠીક ચાલે છે આમ તો. જ્યાં સુધી આપણાં લોકોમાં નવાં ઘરનો ને મોટાં ઘરનો મોહ છે ત્યાં સુધી અમારાં ફિલ્ડમાં કામનો પ્રોબ્લેમ નથી થવાનો. એમાં પણ વિનુભાઈ, એવું બનવા માંડ્યું છે કે શોખથી ઘર બંધાવે, કેટલો બધો ખર્ચો કર્યો હોય ને હજી વરસ થયું ના થયું ત્યાં કપલ છૂટું પડી ગયું હોય. જાણે નજર ના લાગી હોય."

બંને ઘડીક ચૂપ રહ્યા. વિનુભાઈએ ઘડિયાળ તરફ નજર કરી. એ ઊઠવા ગયા તે જ ઘડીએ એમનું ધ્યાન બીજે ગયું ને એ કહેવા લાગ્યા, "અરે, પેલો દેવેન પુરી છે. કોની સાથે...? અરે, કોઈ ગોરી છોકરીની સાથે આવ્યો છે. એની વાઈફ છોકરાં સાથે દિલ્હી ગઈ છે ને આ ભાઈ અહીં... કાંઈ નહીં, આપણે શું, કેમ? આમેય પરપ્રાંતનો એટલે એની લાઈફ આપણાંથી જુદી તો હોવાની જ. એનું નસીબ એ જ ફોડશે. આપણે શું ?ચાલ, તો હું જાઉં. મળીએ. આવજે." કહી એ ગયા.

સ્નેહલે 'ટાઈમ' ઉઘાડ્યું, પાછું બંધ કર્યું. સહેજ આળસ મરડતાં આસપાસ જોયું. ઈન્ડિયન જેવો દેખાતો માણસ ગોરી છોકરીની બાજુમાં બેઠો હતો. 'વિનુભાઈએ કહ્યું એ જ હોવો જોઈએ. બંને જણ સાથે ખુશમાં છે. તે ભલે ને. બહુ સારું, વૅલ, વ્હાય નૉટ!'

ગાડી તરફ ચાલતાં ચાલતાં સ્નેહલ વિચારતો હતો, 'સંબંધ તો જેટલો ટકે તેટલો ખરો. પછી આ દેશ હોય કે પેલો ને બધાં પોતપોતાની રીતે લકી જ હોય છે.'

પ્રીતિ શાહ-સેનગુપ્તા

# રાજકોટમાં નામચીન શખ્સે જેલનો ખર્ચો માંગી પરિવાર પર હુમલો કર્યો

રાજકોટ,

શહેરમાં પોલીસની ઓસરી ગયેલી ધાકની પ્રતિતિ કરાવતી ઘટનાઓ હવે રોજિંદી બની ગઇ છે. હત્યાની કોશિષ, દારૂ, મારામારી સહિતના અનેક ગુનાઓમાં સંડોવાયેલા નામચીન પ્રતિક દિલીપભાઈ ચંદારાણા અને તેના ત્રણ મળતિયાઓએ ગઇકાલે રાત્રે આતંક મચાવી એક પરિવારના સભ્યો ઉપર હુમલો કરતાં બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. માંડા ડુંગરની શિવમ સોસાયટીમાં રહેતા હિરેન મહેશભાઈ ગરચર એ નોધાવેલી ફરિયાદમાં જણાવ્યુ છે કે તે હાલ માતા અને બે નાના ભાઈઓ સાથે રહે છે. તેને છેલ્લા દસેક વર્ષથી ભગંદરની તકલીફ હોવાથી કોઇ કામ કરતો નથી. તેના બંને ભાઈઓ મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેના પિતા હયાત નથી. પિતાના અવસાન બાદ માતા અલ્પાબેને અશોકભાઈ મહેતા સાથે કોર્ટ મેરેજ કર્યા હતાં. જે હાલ તેમની સાથે રહે છે. જેને તેઓ કાકા કહીને બોલાવે છે. તેના જ વિસ્તારમાં રહેતા પ્રતિકે સાતેક મહિના પહેલા પાડોશી નરેશભાઇ ભાલિયા સાથે મારામારી કરી હતી. જેથી નરેશના બનેવી અશોક ચૌહાણે પ્રતિક સામે આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તે ત્રણેક મહિના સુધી જેલમાં રહ્યો હતો. જેલમાંથી છૂટી પ્રતિક ખાર રાખી તેને નરેશ સાથે કોઇ લેવાદેવા ન હોવા છતાં જેલમાં થયેલો ખર્ચો અને ઘરના ખર્ચના રૂપિયાની તેની પાસે માગણી કરતો હતો. રૂપિયા આપ્યા ન હોવાથી હેરાન કરતો હતો. ગઇકાલે ફરીથી રૂપિયાની માગણી કરી, ઘરે ઝઘડો કરવા આવી તેની સાથે હાથાપાઇ કરી હતી. જેમાં તેની માતાને પણ મૂંઢ ઈજા થઇ હતી. પ્રતિકથી ડરી પરિવારના તમામ સભ્યો લાલપરી મફતિયાપરામાં રહેતા દાદા રમેશભાઈ ગરચરના ઘરે રોકાવા જતા રહ્યા હતાં. જ્યાં ગઈકાલે રાત્રિના ત્રણેક વાગ્યાની આસપાસ પ્રતિક અને તેના ત્રણ મળતિયાઓ નંબર પ્લેટ વગરની કાળા કલરની બોલેરો લઇ ધસી આવ્યા હતાં. આવીને તેના દાદાના મકાનની ડેલી ખખડાવી હતી. ડેલી ખોલતા જ હોકી દેખાડી તેની માતાને કહ્યું કે તમારે મારા જેલના અને ઘર ખર્ચના રૂપિયા આપવા છે કે નહીં. તની માતાએ ના પાડતા ગાળો ભાંડી, હોકી લઇ તેની માતાને મારવા દોડયો હતો. તે વચ્ચે પડતાં તેને હોકીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. સાથોસાથ તેની માતાને કહ્યું કે તમે રૂપિયા નહીં આપો તો તમને શાંતિથી જીવવા નહીં દઉં, તમારા ત્રણેય દીકરાને જાનથી મારી નાખીશ. તેની સાથે આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેના બંને ભાઈઓને ઢીકાપાટુનો માર મારી, ગાળો ભાંડી હતી. દેકારો થતાં પાડોશીઓ ભેગા થઇ જતાં ચારેય આરોપીઓ ભાગી ગયા હતાં.

### અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૭૫૦ કરોડના ખર્ચે કન્વેન્શન કલ્ચરલ-બિઝનેસ સેન્ટર બનાવાશે

અમદાવાદ,

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ટાગોરહોલ અને ઈવેન્ટ સેન્ટર પાસેના પ્લોટમાં રુપિયા ૭૫૦ કરોડના ખર્ચે કન્વેન્શન,કલ્ચરલ-બિઝનેસ સેન્ટર બનાવવામાં આવશે.આ અંગે ડિટેલ પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. રાજય સરકાર રુપિયા ૫૦૦ કરોડ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન રુપિયા ૨૫૦ કરોડનો ખર્ચ કરશે. આ વિસ્તારને ડેસ્ટિનેશન વેડિંગ માટે વિકસાવવાનું આયોજન છે. ૩૦૦ રુમની હોટલ ઉપરાંત એમ્ફિથિયેટર સહિતની અન્ય સુવિધા ઉપલબ્ધ કરાવાશે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કન્વેશન,કલ્ચરલ અને બિઝનેસ સેન્ટર બનાવવા અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તાકીદની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.

# વલસાડમાં કપરાડા તાલુકામાં આદિવાસી યુવતીઓ નાની વયે બને છે માતા તેની સામે ફરિયાદ

વલસાડ,

વલસાડ જિલ્લાનો કપરાડા ગુજરાતનો સૌથી દુર્ગમ તાલુકો છે. આ તાલુકાના ગામડાઓમાં પ્રવેશતા જ ખ્યાલ આવે છે કે તાલુકામાં રહેતી યુવતીઓ માટે તાલુકાનું નામ હોય તેટલી જ કપરી પરિસ્થિતિ છે. વલસાડ જિલ્લાનો કપરાડા ગુજરાતનો સૌથી દુર્ગમ તાલુકો છે. આ તાલુકાના ગામડાઓમાં પ્રવેશતા જ ખ્યાલ આવે છે કે તાલુકામાં રહેતી યુવતીઓ માટે તાલુકાનું નામ હોય તેટલી જ કપરી પરિસ્થિતિ છે. આ ગામડાઓની જે હકીકતો સામે આવી તે જોઈને કોઈનું પણ હૃદય ધબકારો ચૂકી જાય છે. અહીં નાની છોકરીઓ માતા બને છે,

જે બાળકીના ગર્ભમાં આ બાળકનો જન્મ થયો તે માંડ ૧૪ વર્ષની હતી. આંચકાજનક વાત એ છે કે અહીં ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭ વર્ષની ઉંમરે છોકરીઓ બાળકોને જન્મ આપે છે. સામાન્ય રીતે આ ઉંમરે તો તેઓ હસતી, રમી, વાંચતી હોવી જોઈએ. માત્ર ૯ મહિનામાં તાલુકામાં ૯૦૭ બાળકીઓ માતા બની છે. જેમની ઉંમર ૧૨ થી ૧૮ વર્ષની વચ્ચે છે. વલસાડ જિલ્લામાં ૧૫ થી ૧૯ વર્ષની વયની ૨૧૭૫ છોકરીઓ માતા બની છે. સવાલ એ છે કે કાયદો ઢીલો થઈ રહ્યો છે કે આંખ આડા કાન કરવામાં આવ્યા છે. વલસાડ જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં નાની ઉંમરમાં જ છોકરીઓ માતા બની રહી છે ત્યારે બે કિસ્સામાં માત્ર ૧૨ વર્ષની છોકરીઓ જ માતા બની રહી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. કપરાડા સહિતના આદિવાસી વિસ્તારોમાં સગીર છોકરા-છોકરીઓ નાની ઉંમરે સાથે રહેવાનું શરૂ કરી દે છે અને પુત્ર થયા બાદ લગ્ન કરી લે છે.

જેના કારણે નાની ઉંમરમાં છોકરીઓની ડિલિવરીનું પ્રમાણ વધી રહ્યું છે. વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તાર કપરાડા તાલુકામાં રહેતા લોકો મહારાષ્ટ્રના નાસિક ખાતે મજૂરી કામ કરવા જાય છે. સગીર છોકરાઓ છોકરીઓ સાથે જાય છે, તેથી વર્ષોથી સંબંધમાં રહેવાની પરંપરા છે. વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ તેઓ લગ્ન કરે છે. જેના કારણે અહીં સગીર છોકરીઓની ડિલિવરી થાય છે. આરોગ્ય વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર, ૧ એપ્રિલ, ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ સુધી એટલે કે માત્ર ૯ મહિનામાં ૧૨ થી ૧૮ વર્ષની ઉંમરની કુલ ૯૦૭ સગીર છોકરીઓ માતા બની છે. આમાંથી બે કેસમાં માત્ર ૧૨ વર્ષની છોકરીઓએ જન્મ આપ્યો હતો.ગુજરાતમાં સૌથી વધુ યુવક યુવતીઓની ડિલિવરી મામલે કપરાડા મોખરે છે. આવા કિસ્સાઓમાં છોકરીઓના મૃત્યુની સંભાવના નોંધપાત્ર રીતે વધી જાય છે. જોકે કપરાડામાં અલગ જ સ્થિતિ જોવા મળી રહી છે. કાયદા મુજબ તે ગેરકાયદેસર છે, પરંતુ કપરાડા તાલુકામાં વર્ષો સુધી સાથે રહેતાં પુત્રો મોટી ઉંમરે પરણાવે છે અને પછી સમૂહલગ્ન થાય છે. ગુજરાત સરકાર જનજાગૃતિ માટે અનેક અભિયાનો અને કાર્યક્રમો ચલાવી રહી છે, પરંતુ વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં જનજાગૃતિ અભિયાનો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. હાઈ બ્લડપ્રેશરને કારણે દીકરીનું પ્રસૂતિ દરમિયાન મૃત્યુ થઈ શકે છે.

કપરાડાના એક તબીબી નિષ્ણાતે જણાવ્યું હતું કે જો નાની છોકરીઓને ડિલિવરી સમયે હાઈ બ્લડ પ્રેશર હોય તો મૃત્યુની શક્યતા વધી જાય છે. ડિલિવરી મહિનાના મધ્યમાં થાય છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું